GJVD010021802026

| | | | |
|---|---|---|---|
| અરજી મળ્યા તારીખ | ૨૦/૦૩/૨૦૨૬ | | |
| અરજી રજી. કર્યા તારીખ | ૨૦/૦૩/૨૦૨૬ | | |
| અરજી ફેંસલ તારીખ | ૦૨/૦૪/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | – | – | ૧૩ |

સત્યમેવ જયતે

# મે.વડોદરાની સ્પે. કોર્ટ (બીયુડીએસ) કોર્ટ સમક્ષ

આંક–.....

**ફો.પરચુ. અરજ નં.૮૯૭/૨૦૨૬**

**અરજદાર :–**

**મીલન મણીભાઈ પટેલ**
રહે.૩૦,સાઈ જયોતી સોસાયટી
૮૦ ફુટ રીંગ રોડ, ઉંઝા,
મહેસાણા.

**વિરૂદ્ધ**

**સામાવાળા :–**

શ્રી સરકાર

બાબત: **બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ મુજબ દિન–૧૫ ના વચગાળાના જામીન મેળવવા બાબત અરજ.**

**અરજદાર તરફે : વિ.વ.શ્રી એમ.એમ.મન્સુરી**

**સામાવાળા તરફે : વિ.પી.પી.શ્રી એ.એમ.દેસાઈ**

**:: જ જ મેન્ટ ::**

૧. અરજદાર/આરોપી તરફે હાલની અરજી, બી.એન.એસ.એસ.ની કલમ ૪૮૩ અન્વયે સી.આઇ.ડી. સાઇબર ક્રાઇમ પો. સ્ટે. ગુન્હા રજી.

નં.૧૧૨૦૧૦૧૮૨૫૦૦૧૦/૨૦૨૫, બી.એન.એસ.ની કલમ ૩૧૬(૨), ૩૧૬(૫), ૬૧(૨) તથા ધી બેનીંગ ઓફ અનરેગ્યુલેટેડ ડીપોઝીટ સ્કીમ એકટ, ૨૦૧૯ ની કલમ ૨૧(૩), ૨૩, ૨૫(૧) તથા આઇ.ટી.એકટની કલમ ૬૬(સી), ૬૬(ડી) વિગેરે મુજબના ગુન્હાના કામે દિન–૧૫ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા માટે કરેલી છે.

૨. અરજદાર/આરોપીની જામીન અરજીની ટુંકમા હકીકત એવી છે કે, અરજદાર વિરૂધ્ધ નોંધાયેલ ગુન્હાના કામે અરજદાર તા.૦૧/૦૮/૨૦૨૫ થી જયુ.કસ્ટડીમાં છે. અરજદારનો ઘર પરીવાર ખુબજ આર્થીક સંકટમાં આવી ગયેલ છે. અરજદારના ઘરમાં તેમના પિતા નથી અને માતા વૃધ્ધ છે અને અરજદાર જેલમાં રહેવાના કારણે તેમની પત્નીને કામ કરવા જવુ પડે છે. તેમનો આખો પરીવાર ખુબજ ભીંસમા આવી ગયેલ છે. અરજદારના બે બાળકો જે નાની ઉંમરના હોય અને હાલ સ્કુલમાં અભ્યાસ કરે છે તેઓના શાળાની ફી પણ ઘણા સમયથી બાકી છે જે શાળાની ફી ની વ્યવસ્થા કરવા સારૂ અરજદારને માંગ્યા મુજબના દિન–૧૫ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, અરજદારને વચગાળાના જામીન ઉપર મુકત કરતા સમયે જે શરતો ફરમાવશે તે તમામ શરતોનુ પાલન કરવા તૈયાર છે અને જેટલી રકમના જામીન આપવા જણાવશે તેટલી રકમના જામીન આપવા ખુશ હોય જેથી દિન–૧૫ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલી છે.

૩. અરજી અન્વયે સામાવાળાને નોટીસ કાઢવામાં આવતા સામાવાળા તરફે વિ.પી.પી.શ્રી એ.એમ.દેસાઇ ઉપસ્થિત થયેલ છે અને ગુન્હાની

તપાસ કરનાર અમલદારે અત્રેની અદાલત રૂબરૂ ઉપસ્થિત થઇ આંક-૦૪ થી તેઓનો અભિપ્રાય રજુ કરેલ છે.

૪. આ કામ સુનાવણી માટે રાખવામાં આવતા અરજદાર/આરોપી તરફે વિદ્વાન વકીલશ્રીએ તેમની વિદ્વતાપુર્ણ દલીલમાં અદાલતનું ઘ્યાન અરજીમાં જણાવેલ હકીકત તરફ દોરી જણાવેલ છે કે, અરજદાર તા.૦૧/૦૮/૨૦૨૫ થી જયુ.કસ્ટડીમાં છે. અરજદાર લાંબા સમયથી જેલમાં હોવાના કારણે તેઓના પરીવારની આર્થીક સ્થિતિ ખુબજ કથળી ગયેલ છે અને અરજદારના પિતા નથી અને માતા વૃદ્ધ છે અને અરજદારની પત્નીને કામ કરવા જવુ પડે છે. અરજદારના બાળકો જે નાની ઉંમરના છે અને હાલ સ્કુલમાં અભ્યાસ કરતા હોય તેઓની શાળાની ફી પણ લાંબા સમયથી બાકી છે તેથી સ્કુલની ફી માટે વ્યવસ્થા કરવા માટે પણ અરજદારને જેલની બહાર નીકળવાની આવશ્યકતા છે. અરજદારના બાળકો કુમળી વયના હોય પિતાના પ્રેમની આવશ્યકતા હોય તેઓને મળવા સારૂ તથા અરજદારના પરીવાર માટે આર્થીક નાણાંકીય વ્યવસ્થા કરવા માટે માનવતાના ધોરણે દિન-૧૫ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા વિનંતી કરેલી છે.

૫. સરકાર તરફે પી.પી.શ્રીએ તપાસ કરનાર અમલદારના આંક-૪ ના રીપોર્ટ ઉપર આધાર રાખી મુખ્યત્વે દલીલ કરેલ છે કે, અરજદારે દિન-૧૫ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા માટે અરજી કરેલી છે જે અનુસંધાને અરજદારના પત્નીની ટેલીફોનીક પુછપરછ કરતા તેમનો પરીવાર આર્થીક સંકટમાં આવી ગયેલ હોય અને બે બાળકોની વર્ષ ૨૦૨૫-૨૬ ની સ્કુલ ફી રૂ.૭૦,૦૦૦/- ભરવાની બાકી હોય જે ફી ભરવા પણ અસમર્થ હોય અને તે અંગે જ્ઞાન અક્ષર સ્કુલ, ઉંઝા ખાતે

પ્રિન્સીપાલ સીમા શાહના મોબાઈલ ઉપર ટેલીફોનીક વાત કરી ખરાઇ કરતા અરજદાર/આરોપીની દિકરી પ્રીન્સી મીલનભાઇ પટેલ ધો.૪ માં અભ્યાસ કરતા હોય જેઓની વર્ષ ૨૦૨૫-૨૬ ની સ્કુલ ફી બાકી હોવાનુ જણાવેલ છે, પરંતુ અરજદાર/આરોપીને દિન-૧૫ ના વચગાળાના જામીન આપવામાં આવે તો બહાર રહી તપાસના પુરાવાનો નાશ કરે અથવા કરાવે  તેમજ પકડવાના બાકી આરોપીઓને પકડવામાં વિલંબ કરાવે અથવા તો નાશી ભાગી જઇ પાછા હાજર ન થઇ ન્યાયીક કાર્યવાહીમાં વિલંબ કરે તે શકયતા નકારી શકાય તેમ ન હોય જેથી અરજદાર/આરોપીના વચગાળાના જામીન આપવાની હાલની અરજી નામંજુર કરવા રજુઆત કરેલી છે.

૬. અરજદારની અરજી અંગે અરજદારના વિ.વ.શ્રી તેમજ સરકાર તરફે વિ.પી.પી.શ્રીને સાંભળ્યા તેમજ આંક-૪ થી રજુ કરવામાં આવેલ તપાસ કરનાર અમલદારનો રીપોર્ટ વંચાણે લીધો. અરજદાર/આરોપીએ તેઓની વચગાળાના જામીન ઉપર મુકત કરવા માટે જે કારણો જણાવેલ છે તેમાં અરજદારના પરીવારની આર્થીક સ્થિતિ ખરાબ હોવાનુ અને અરજદારના બાળકોની સ્કુલની ફી ભરવાની બાકી હોવાનું કારણ દર્શાવેલ છે અને આ સંદર્ભે તપાસ કરનાર અમલદારનો રીપોર્ટ ધ્યાને લેતાં તેઓએ પણ અરજદાર/આરોપીની પુત્રી પ્રિન્સી મીલનભાઇ પટેલ ધો.૪ માં અભ્યાસ કરતી હોય તેણીની વર્ષ ૨૦૨૫-૨૬ ની સ્કુલ ફી બાકી હોવાનું તેઓએ સ્કુલના પ્રિન્સીપાલ સીમા શાહના મોબાઇલ નંબર ઉપર ખાત્રી કરેલાનું જણાવેલ છે. આમ, આ તમામ હકીકતો ધ્યાનમાં લેતાં અરજદાર/આરોપીની પુત્રીની શૈક્ષણીક વર્ષ બગડે નહીં અને

અરજદાર/આરોપી તેઓના પરીવાર માટે જરૂરી નાણાંકીય વ્યવસ્થા કરી શકે તે માટે માનવતાના ધોરણે ટુંકા સમય માટે વચગાળાના જામીન ઉપર મુકત કરવાનુ ન્યાયોચીત જણાતું હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**:: હુ ક મ ::**

(૧) અરજદાર/આરોપી ની હાલની વચગાળાની જામીન અરજી અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી **મિલન મણીભાઇ પટેલ** ને સી.આઇ.ડી. સાઇબર ક્રાઇમ પો. સ્ટે. ગુન્હા રજી. નં.૧૧૨૦૧૦૧૮૨૫૦૦૧૦/ ૨૦૨૫, બી.એન.એસ. ની કલમ ૩૧૬(૨), ૩૧૬(૫), ૬૧(૨) તથા ધી બેનીંગ ઓફ અનરેગ્યુલેટેડ ડીપોઝીટ સ્કીમ એકટ, ૨૦૧૯ ની કલમ ૨૧(૩), ૨૩, ૨૫(૧) તથા આઇ.ટી.એકટની કલમ ૬૬(સી), ૬૬(ડી) મુજબના ગુન્હાના કામે રૂ.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જાત મુચરકા તેમજ તેટલી રકમના જામીન જેલ ઓથોરીટી સમક્ષ રજુ કર્યેથી **તા.૦૩/૦૪/૨૦૨૬** ના રોજ સવારના ૧૦:૦૦ કલાકથી **તા.૧૧/૦૪/૨૦૨૬** ના રોજ સાંજના ૧૭:૦૦ કલાક સુધીના સમય માટે નીચેની શરતોને આધીન વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**શરતો :**

(૧) આરોપીએ પોતાની સ્વતંત્રતાનો કોઇ ગેરલાભ ઉઠાવવો નહીં તેમજ કોઇ ગુનાહીત કૃત્યમાં સંડોવાવુ નહીં.

(૨) આરોપીએ ફરીયાદી કે સાહેદોને કોઇ ધાક ધમકી આપવી અપાવવી નહીં કે સંપર્ક કરવા પ્રયત્ન કરવો કરાવવો નહીં કે ફરીયાદ પક્ષના પુરાવા સાથે કોઇ ચેડા કરવા નહીં

(૩) અરજદાર/આરોપી આ અદાલતની પુર્વ પરવાનગી વગર ગુજરાત રાજયની હદ છોડી શકશે નહીં.

(૪) અરજદાર/આરોપીએ **તા.૧૧/૦૪/૨૦૨૬** ના રોજ સાંજના ૧૭:૦૦ કલાક સુધીમાં બીનચુક મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે હાજર થવાનું રહેશે.

:૩: જેલ અધિક્ષકશ્રી, વડોદરાએ આરોપી જેલમાં હાજર થયેથી તેની જાણ આ અદાલતને લેખીતમાં કરવાની રહેશે.

:૪: હુકમ અંગેની સબંધીત પો.સ્ટે. તથા સેન્ટ્રલ જેલ, વડોદરાને જરૂરી યાદી કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૪/૨૦૨૬

વડોદરા.

**(વિકુલ કનુપ્રસાદ પાઠક)**

સ્પે.જજ (બીયુડીએસ કોર્ટ)

વડોદરા.

કોડ નં.જીજે૦૦૪૬૮